જ્ઞાની ક્રિયાપર: શાન્તો, ભાવિતાત્મા જિતેન્દ્રિય:
સ્વયં તીર્ણો ભવામ્ભોધે:, પરાન્તારયિતું ક્ષમ:

**શબ્દાર્થ:** જ્ઞાની = સમ્યગ્જ્ઞાનવાળો, ક્રિયાપર: = ક્રિયામાં તત્પર, શાન્તો = ઉપશમયુક્ત, ભાવિતાત્મા = ભાવિત છે આત્મા જેનો એવા, જિતેન્દ્રિય = ઇન્દ્રિયોને જિતનાર, ભવામ્ભોધે: = સંસારરૂપી સમુદ્રને, તીર્ણ = તરેલો છે, પરાન્ = બીજાને, તારયિતું = તારવાને ક્ષમ: = સમર્થ છે.

**શ્લોકાર્થ:** સમ્યગ્જ્ઞાનવાળો, ક્રિયામાં તત્પર, ઉપશમયુક્ત, ભાવિત અને જિતેન્દ્રિય એવો આત્મા સ્વયં પોતે સંસારરૂપી સમુદ્રને તરેલો છે અને બીજાને તારવા સમર્થ છે.

**ભાવાર્થ:** ભવસાગરને તરવા અને બીજા જીવોને તારવા માટે ચાર મહત્ત્વપૂર્ણ વાતો કરી છે.

(૧) **જ્ઞાની:** વીતરાગ સર્વજ્ઞ ભગવંતોએ શાસ્ત્રોમાં વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ જેમ કહ્યું છે તેવા વસ્તુનું સ્વરૂપ જેવું છે તેવો યથાર્થ તત્ત્વનો બોધ જેણે પ્રાપ્ત કર્યો છે તે આત્મા જ્ઞાની કહેવાય છે.

જ્ઞાન બે પ્રકારનું હોય છે, દ્રવ્યજ્ઞાન અને ભાવજ્ઞાન. શાસ્ત્ર જાણે, બીજાને ભણાવે, સારું ચિંતન-મનન કરે પરંતુ મોહને તોડીને આત્મગુણોની પ્રાપ્તિને અભિમુખ થાય (does not experience the attributes of soul, simply come closure to it.) →

તે જ્ઞાનને દ્રવ્યજ્ઞાન કહેવાય છે. આવા પ્રકારનું દ્રવ્યજ્ઞાન
એ ભાવજ્ઞાનનું કારણ બને છે.

આત્મતત્ત્વનો અનુભવ કરવા રૂપ ઉપયોગાત્મક જ્ઞાનને
ભાવજ્ઞાન કહેવાય છે. મોહનો નાશ કરતાં કરતાં આ
જ દ્રવ્યજ્ઞાન ભાવજ્ઞાન રૂપે પરિણમે છે.

(૨) ક્રિયાપર: સમ્યગ્દર્શન - સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રને
અનુસરનારી મન, વચન અને કાયાની પ્રવૃત્તિરૂપ
શુભક્રિયા વાળો આત્મા ક્રિયાપર અર્થાત્ ક્રિયામાં તત્પર
કહેવાય છે.

ધાર્મિક અનુષ્ઠાનો આચરવા રૂપ (Following Religious Rituals)
જે ક્રિયા છે તે દ્રવ્યક્રિયા કહેવાય છે.
આત્માના ગુણોને અનુસરવા રૂપ પ્રવૃત્તિ કરવી તે ભાવક્રિયા
કહેવાય છે.

(૩) શાન્ત: ક્રોધ-માન-માયા-લોભ એમ ચારે પ્રકારના
કષાયોના તાપ વિનાનો, અને જેના વિકારી ભાવો ચાલ્યા
ગયા છે તે આત્મા શાંત કહેવાય છે.
ભલે જ્ઞાન હોય અને ક્રિયા પણ હોય, જો ઉપશમ ન હોય
તો ભવસાગર તરી શકાશે નહિ.

(૪) ભાવિતાત્મા: આત્માના શુદ્ધ સ્વરૂપમાં જ રમણતા
કરનારો આત્મા જ્ઞાન, દર્શન અને ચારિત્રથી ભાવિત
બનવો જોઈએ.

(૫) જિતેન્દ્રિય: રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ, આ
પાંચ ઈન્દ્રિયોના વિષયો છે જેના ૨૩ ઉત્તરભેદ છે.

ક્રિયા અધ્યાય-૮ શ્લોક-૧ 

ખાસ (મુખ્ય) પાંચ અથવા (પેટા ભેદ રૂપે) તેત્રીસ વિષયો અનુકુળ મળે તો રાગ નહિ કરનારો અને પ્રતિકુળ મળે તો દ્વેષ નહીં કરનારો આત્મા જિતેન્દ્રિય છે. વિષયોને અનુભવે પણ રાગ ન કરે.

ખાસ ઉપરના પાંચ વિશેષણવાળો આત્મા ભવસાગરથી પાર પામે છે (સ્વયં તરે છે) અને બીજાને તારવા સમર્થ બને છે.

દૃષ્ટાંત સાર:

આપણે ત્યાં પહેલા કહ્યું શાસ્ત્ર સ્વીકાર, પછી કહ્યું દુષ્કૃત ગર્હા ત્યાર પછી સુકૃત અનુમોદના.

શાસ્ત્ર સ્વીકારનો અર્થ એ છે કે જેણે શાસ્ત્ર સ્વીકાર્યું તેણે આજ્ઞાનું પાલન કર્યું. ભૂતકાળમાં કરેલા દુષ્કૃત્યોની નિંદા કરવી. સુકૃત દ્વારા બહુ પુણ્ય કર્મ ઉપાર્જન કરે છે પરંતુ પાપકર્મ તો સત્તામાં પડેલું જ છે.

ક્રિયામાં તત્પર હો અને માત્ર જ્ઞાની બનો તો લાભ ન થાય. મનુષ્યભવમાં આરાધનાનું જોર વધુ હોય છે. કષાયોનો નિગ્રહ કરેલો હશે જોઈશે. આરાધનાથી ભાવિત હૈયાનો હશે જોઈશે. આપણે બધા ક્ષયોપશમભાવ વાળા છીએ જે પુરુષાર્થથી આવે છે.

આચાર એ સૌથી પહેલો ધર્મ છે. પોતાના આત્માનું અહિત થતું હોય અને બીજાને ઉપદેશ આપે તો ન ચાલે.

સાધુએ આત્મભાવે બીજાનું હિત કરવાનું છે.

ક્રિયા વિરહિતં હન્ત, જ્ઞાનમાત્રમનર્થકમ્
ગતિં વિના પથજ્ઞોઽપિ, નાપ્નોતિ પુરમીપ્સિતમ્

**શબ્દાર્થ:** ક્રિયા વિરહિતં = ક્રિયા વિનાનું, અનર્થકમ્ = નિરર્થક
પથજ્ઞોઽપિ = માર્ગને જાણનાર, પુરં = નગરે, નાપ્નોતિ =
પહોંચતો નથી; ગતિં વિના = ચાલવાની ક્રિયા વિના
ઈપ્સિતમ્ = ઈચ્છિત

**શ્લોકાર્થ:** ક્રિયા વિનાનું કોરૂં જ્ઞાન નિરર્થક છે.
(મોક્ષરૂપ ફળ આપવા અસમર્થ છે.) માર્ગને જાણનારો
પણ ગમન ક્રિયા (ચાલવાની ક્રિયા) વિના ઈષ્ટ (ઈચ્છિત)
નગરે પહોંચતો નથી.

**ભાવાર્થ:** સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર રૂપ જે ગુણોની શુદ્ધિ અને વૃદ્ધિ
જે મુક્તિના સાધનો છે, તે
(વ્યવહારે) કેમ થાય? એ માટે જે પ્રવૃત્તિ કરવી તેને
સમ્યક્ ક્રિયા કહેવાય છે. આવા પ્રકારની ક્રિયા વિનાનું
માત્ર શાસ્ત્રીય જ્ઞાન અનર્થક છે. શુભયોગ સિવાય
પુણ્યબંધ કરાવે પણ મુક્તિ આપનાર બનતું નથી.
ગ્રંથકારશ્રી એક દૃષ્ટાંત આપીને આ વાત સમજાવે છે.
કોઈ ગામથી બીજે ગામ જવાનો રસ્તો જાણનાર પથિક,
ગતિક્રિયા કર્યા વિના બીજે ગામ પહોંચી શકતો નથી.
ભોજનના જ્ઞાનવાળો પણ ભોજનની ક્રિયા કર્યા
વિના ભૂખ મિટાવી શકતો નથી.
દીવાનો જાણકાર પણ દીવો કર્યા વિના દીનપ્રાપ્તિ

કરી શકતો નથી.

મોક્ષમાર્ગને અનુકૂળ ક્રિયાનો ત્યાગ કરીને જે મનુષ્ય
માત્ર મોક્ષમાર્ગના જ્ઞાનથી મોક્ષપ્રાપ્તિ કરવા ઇચ્છે છે
તે તેની મિથ્યા ભ્રમણા છે.

મોક્ષમાર્ગનું જ્ઞાન પ્રાપ્ત થયાં પછી પણ એમને અનુકૂળ
પુરુષાર્થ કરવામાં જે જીવ પાછો પડે છે ત્યાં તેનું
કારણ કષ્ટોને સહન કરવાની તેની કમજોરી છે.
સાથે સાથે પાપક્રિયાઓમાં રસ છે અને તે
પાપક્રિયાઓનો ત્યાગ કરવાની શક્તિ નથી.

સામાયિક, પ્રતિક્રમણ, જિનાગમના સૂત્રોનો સ્વાધ્યાય,
ધ્યાન, વૈયાવૃત્ય, તપ વગેરે નિષ્પાપ ક્રિયાઓને
બહુમાનપૂર્વક અને વિધિસહિત કરનાર મનુષ્ય
આત્મવિશુદ્ધિના માર્ગે પ્રયાણ કરે છે અને તેમાં
સફળતા મેળવે છે.

બે હાથ વિના તાળી પડે નહિ, બે પગ વિના ચલાય નહિ, તેમ
જ્ઞાન અને ક્રિયા, બંનેના યોગ વિના કાર્યની સિદ્ધિ થાય
નહિ. ક્રિયા જ્ઞાનપૂર્વકની જ હોય તો સફળતા મળે.
પ્રમાદને વશ થઈ જ્ઞાની, ક્રિયાના કષ્ટોથી ગભરાઈને
દૂર ભાગે તો શું કાર્ય સિદ્ધ થઈ શકે ?
રોગનું નિદાન અને ઔષધ જાણ્યા પછી પણ શું દવા
લીધા વિના આરોગ્ય મળી શકે ? આ વિશ્વમાં એવું
કયું કાર્ય છે જે ક્રિયા વિના સિદ્ધ થતું હોય ? તો તો
ભૂમિકાને યોગ્ય તે તે કાર્યમાં માનસિક, વાચિક, અને
કાયિક (મન, વચન, કાયા) કે આધ્યાત્મિક, જીવન માટે ક્રિયા
હોય જ છે.

સ્વાનુકૂલાં ક્રિયાં કાલે, જ્ઞાનપૂર્ણોઽપ્યપેક્ષતે
પ્રદીપઃ સ્વપ્રકાશોઽપિ, તૈલપૂર્ત્યાદિકં યથા

<u>શબ્દાર્થ</u>: સ્વાનુકૂલાં = સ્વભાવને અનુકૂળ, ક્રિયા = આવશ્યક + ક્રિયા, કાલે = અવસરે, જ્ઞાન પૂર્ણ = જ્ઞાનવડે પરિપૂર્ણ, (પૂર્ણ જ્ઞાની), અપિ = પણ, અપેક્ષતે = અપેક્ષા રાખે છે, પ્રદીપ = દીવો, સ્વપ્રકાશ = પોતે પ્રકાશરૂપ, યથા = જેમ, તૈલપૂર્ત્યાદિકં = તેલ પૂરવું વગેરેની

<u>શ્લોકાર્થ</u>: જેમ દીવો પોતે સ્વપ્રકાશરૂપ છે તો પણ તેલ પૂરવા વગેરે ક્રિયાની અપેક્ષા રાખે છે, તેમ (સાધકનો પૂર્ણ જ્ઞાની પણ અવસરે પોતાને અનુકૂળ પ્રાપ્ત થાય ત્યાં) ક્રિયાની અપેક્ષા રાખે છે.

<u>ભાવાર્થ</u>: જ્યાં સુધી સાધકદશા છે અને જ્યાં સુધી સિદ્ધિ પ્રાપ્ત થઈ નથી ત્યાં સુધી ક્રિયાની આવશ્યકતા રહે જ છે. સાધનાની જુદી જુદી અવસ્થાઓમાં ક્રિયાઓ બદલાતી રહે છે. ક્રિયા જરૂરી છે સ્વભાવને પુષ્ટ કરવા માટે. તે માટે તે તે યોગ્ય કાળે તો તે યોગ્ય ક્રિયાનો આશ્રય લેવો જ પડે છે.

- અવિરત સમ્યગ્દૃષ્ટિ આત્મા સમ્યગ્જ્ઞાની બન્યા છતાં વિચારે છે કે બંધાતા કર્મો કેમ અટકે? આમ સંવરભાવની રુચિવાળો બન્યો હોવા છતાં અભક્ષ્યત્યાગ, અનંતકાયત્યાગ, અપેયત્યાગ, રાત્રિભોજનત્યાગ વગેરે પ્રથમ દેશવિરતિની ક્રિયા કરે છે.

આમ દેશવિરતિવાળા જીવને બાર વ્રતની પવિત્ર ક્રિયાઓનું
આચરણ કરવાનું હોય છે. પરંતુ તેનું લક્ષ્ય છે સર્વવિરતિમય
સાધુ જીવન પ્રાપ્ત કરીને કર્મો ક્ષય કરવો.

- સર્વવિરતિ સાધુજીવનમાં રહેલા સાધક આત્માનો જ્ઞાનાચાર
આદિ આચારોનું પાલન, દશપ્રકારના યતિધર્મનું પાલન, પાંચમહાવ્રત
બાહ્ય અભ્યંતર બાર પ્રકારના તપનું પાલન... વગેરે ક્રિયાઓનો
આશ્રય લેવો પડે છે.

- ક્ષપકશ્રેણીમાં આરૂઢ થયેલા (રહેલા) મહાત્મા પુરુષો
શુક્લધ્યાનની ક્રિયા કરતા કરતા બારમા ગુણસ્થાને ઘાતી
કર્મો ખપાવીને કેવલજ્ઞાન પ્રાપ્ત (બારમાના અંતે) કરે છે.
માટે ત્યાં પણ જ્ઞાની હોવા છતાં ક્રિયાની અપેક્ષા રહે છે.

- તેરમા ગુણઠાણે પહોંચેલા કેવલીભગવંતો પણ
(૧) સર્વસંવરભાવ પ્રાપ્ત કરવા માટે (૨) શાતાવેદનીયકર્મનો
બંધ અટકાવવા માટે (૩) સર્વથા અનાશ્રવભાવ પ્રાપ્ત
કરવા માટે (૪) આત્મપ્રદેશોની ચંચળતા (અસ્થિરતા) અટકાવવા
માટે તથા (૫) આત્માની સંપૂર્ણ શુદ્ધદશાનું ~~પૂર્ણ~~ કાર્ય
સિદ્ધ કરવા માટે યોગનો નિરોધ કરવાની ક્રિયા અવશ્ય
કરે છે.

આમ ગુણસ્થાનની ટોચે પહોંચવા માટે દરેક ભૂમિકાએ
ઉચિત ક્રિયા કરવી પડે છે.
આથી પણ ક્રિયાનું મહત્ત્વ સમજાય છે. ભવભ્રમણનું
કારણ આત્માની પાપક્રિયાઓ છે. હવે ભવભ્રમણ મિટાવવું
હોય તો એના કારણને મિટાવવું જોઈએ. પ્રતિપક્ષી ધર્મક્રિયાઓ
દ્વારા પાપક્રિયાઓનું નિવારણ થઈ શકે છે.
જ્યાં સુધી જીવ સંસારમાં છે, ત્યાં સુધી તેને કોઈ ને કોઈ ક્રિયા
કરવી જ પડે છે.

શાસ્ત્રકાર એક ઉદાહરણ આપીને આ વાત સમજાવે છે. દીપક સ્વયં પોતે જ પ્રકાશ આપવાના સ્વભાવવાળો છે. પ્રકાશ એ દીપકનું સ્વરૂપ છે. છતાં પણ તેલનું પૂરવું અને આદિ શબ્દથી વાટનું તથા કોડીયાનું લાવવું વગેરે ક્રિયાની, દીપક પણ અપેક્ષા રાખે જ છે.

આ જ પ્રમાણે સમ્યગ્જ્ઞાની આત્મા પણ તે તે ગુણસ્થાનને ઉચિત ક્રિયા કરવાનો ઉત્સાહી હોય અને તેવી ક્રિયા કરે, તો જ તે આગળ ઉપરના ગુણસ્થાનની પ્રાપ્ત થાય છે.

માટીમાં ઘડો રહેલો છે, માટે તેમાંથી પ્રગટ થાય છે. જેમાં જે ન હોય તે તેમાંથી પ્રગટ થાય જ નહિ. દૂધમાં ઘી છે, તો તેને પ્રગટ કરી શકાય છે, પણ તે સ્વયં પ્રગટ થતું નથી, ક્રમશ: ક્રિયા કરવી પડે છે. તેને પ્રગટાવવા ક્રમશ: તેનું દહીં, મંથન, માખણ અને તેને તાપ આપે તો જ ઘી પ્રગટ થાય છે, તેમ આત્મામાં રહેલા તાત્ત્વિક ગુણો કે જે તેનું સ્વરૂપ છે, તેને પ્રગટ કરવા માટે, તે તે પ્રકારની ક્રિયા ક્રમશ: કરવી જ પડે છે.

જ્ઞાન તો વ્યવહારથી ઉછીનું પણ લઈ શકાય છે પણ ક્રિયા તો સ્વયં કરવી પડે છે. રોગી પોતાના રોગને ન જાણે-ન સમજે તો તેને ડોક્ટર સમજાવી શકે પણ ઔષધ લેવાની (ખાવાની) ક્રિયા તો સ્વયં કરવી જ પડે છે.

બાહ્યભાવં પુરસ્કૃત્ય, યે ક્રિયાં વ્યવહારતઃ
વદને કવલક્ષેપં, વિના તે તૃપ્તિકાંક્ષિણઃ

શબ્દાર્થ: બાહ્યભાવં = બાહ્યભાવને, પુરસ્કૃત્ય = આગળ કરીને, યે = જેઓ, વ્યવહારતઃ = વ્યવહારથી, ક્રિયાં = ક્રિયાનો (નિષેધ કરે છે), તે = તેઓ, વદને = મોંઢામાં, કવલક્ષેપં = કોળીયો નાંખ્યા વિના = સિવાય, તૃપ્તિકાંક્ષિણઃ = તૃપ્તિ ઇચ્છનારા છે.

શ્લોકાર્થ: બાહ્ય ક્રિયાના ભાવને આગળ કરીને જેઓ વ્યવહારની ક્રિયાનો નિષેધ કરે છે, તેઓ મુખમાં કોળિયો નાંખ્યા વિના તૃપ્તિ ઇચ્છે છે.

ભાવાર્થ: પ્રભુદર્શન, પૂજન, પ્રતિક્રમણ, તપશ્ચર્યા વગેરે વ્યવહાર ક્રિયાઓ બાહ્યભાવ છે તેનાથી આત્માનું કલ્યાણ થતું નથી. વળી "ક્રિયા" એ તો મન, વચન, કાયાના યોગો છે. યોગો તે આશ્રવો છે, કર્મબંધના કારણો છે. પછી ભલે તે શુભ હોય કે અશુભ હોય પણ અંતે તો કર્મબંધ જ કરાવે છે. માટે ક્રિયાઓનો ત્યાગ કરવો જોઈએ. આમ ક્રિયા એ બાહ્યભાવ છે. આવા પ્રકારનો તર્ક કરીને જે મનુષ્યો ક્રિયા કરવાનો નિષેધ કરે છે, તે મનુષ્યો મુખમાં કોળિયો નાંખ્યા વિના ભોજન કર્યાની તૃપ્તિ ઇચ્છનારા છે.

ધારોકે આપણે જમવા બેઠા છીએ. થાળીમાં ભોજન પીરસાયું છે. ભોજનમાં કઈ કઈ વસ્તુઓ આવી છે? કેટલા પ્રમાણમાં આવી છે? દાળ-શાકમાં કંદમૂળ નથી તે પણ આપણને ખબર છે. ટૂંકમાં પીરસાયેલા ભોજન વિષે આપણને ઊંડું જ્ઞાન પણ છે.

હવે ભોજનનો કોળીયા દ્વારા મુખમાં નાંખવાની અને મુખમાં નાંખ્યા પછી ચાવવાની ક્રિયા ન કરીએ તો ભૂખ શાંત થવાની તૃપ્તિ થતી નથી.

જો તૃપ્તિનું સુખ અનુભવવું છે તો મુખમાં કોળિયો નાંખવાની ક્રિયા કરવી પડશે. તેવી રીતે પરમ આત્મસુખ અનુભવવું છે, તો તે માટેની આવશ્યક ક્રિયાઓ કરવી જ પડશે.

આત્મા ઉપર ચોંટેલા પુદ્ગલના (કર્મોના) આવરણોને દૂર કરવા પૌદ્ગલિક ક્રિયા કરવી જ પડે. લોખંડને કાપવા લોખંડની અને ઝેર (Poison) ને મારવા ઝેરની જરૂર પડે છે. જે ક્રિયાથી પાપકર્મ બંધાય તે ક્રિયા હિતકર નથી. પરંતુ "ક્રિયાથી પુણ્યબંધ થાય, કર્મો તૂટે નહિ" વગેરે માનવું તે યોગ્ય નથી. શુભ પુણ્યનો બંધ એ તો પાપ નાશનું પ્રબળ સાધન છે. પાપ એ લાકડા છે તેને બાળવા માટે પુણ્ય એ અગ્નિ છે. આત્મામાં પાપભાવ છે ત્યાં સુધી પુણ્યની ક્રિયા આદેય છે. જેમ પેટના મળનો નાશ દીવેલથી થાય, ઘી પીવાથી ન થાય. જેમ દીવેલ મળશુદ્ધિ કરીને સ્વયં નીકળી જાય છે, તેમ શુભપુણ્ય કર્મ, પાપનો નાશ કરીને સ્વયં છૂટી જાય છે.

જ્યાં સુધી જડનો સંબંધ અને મમતા છે, ત્યાં સુધી તેના પ્રતિકાર સ્વરૂપ શુભક્રિયા વિના ન ચાલે. જેમ જેમ જડનો સંબંધ ઘટે, તેમ તેમ મમતા ઘટે, અને જેમ જેમ મમતા ઘટે તેમ તેમ ક્રિયાનું સ્વરૂપ પણ બદલાય. સર્વથા જડનો સંબંધ છૂટયા પછી ક્રિયાની જરૂર નથી. પરંતુ જડમાં બંધાયેલો જીવ શુભક્રિયા વિના કેમ છૂટી શકે?